# Telephone conversation between External Affairs Minister, Dr. S. Jaishankar and the U.S. Secretary of State Antony J. Blinken

January 29, 2021

## વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને યુ.એસ. સેક્રેટરી ઑફ સ્ટેટ શ્રી એન્ટોની જે. બ્લિન્કેન વચ્ચે ટેલીફોન પર વાતચીત

જાન્યુઆરી 29, 2021

આજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે યુ.એસ. સેક્રેટરી ઑફ સ્ટેટ શ્રી એન્ટોની જે. બ્લિન્કેન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. વિદેશ મંત્રીએ સેક્રેટરી બ્લિન્કેનને તેઓની નિમણૂક થવા પર સ્નેપૂર્ણ અભિનંદન પાઠવ્યા હતા અને તેઓની નવી જવાબદારીમાં સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

વિદેશ મંત્રી અને સેક્રેટરી બ્લિન્કેને બહુ-આયામી વ્યાત્મક ભાગીદારી મજબૂત કરવા અને વિસ્તૃત કરવા તરફની તેઓની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેઓએ ઠોસ સંરક્ષણ અને સુરક્ષા જોડાણો , વૃદ્ધિ પામી રહેલ આર્થિક જોડાણ, ઉત્પાદક આરોગ્ય-સંભાળ ગઠબંધન અને પ્રબળ લોકો-થી-લોકો વચ્ચેનાં જોડાણોની તેનાં મત્વનાં સ્તંભો તરીકે પ્રસંશા કરી હતી.

કોવિડ-બાદનાં વિશ્વનાં પડકારોની ઓળખ કરતા, તેઓએ સુરક્ષિત અને સસ્તા વેક્સિન પૂરવઠા સહિત વૈશ્વિક મુદ્દાઓને સંબોધવા સાથે મળીને કામ કરવા તેઓ સંમત થયા હતા. તેઓએ ખાસ કરીને ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં શાંતિ અને સુરક્ષા માટેની તેઓની પ્રતિબદ્ધતાનું પણ પુનઃઉચ્ચારણ કર્યું હતું.

બન્ને મંત્રીઓએ નિકટનાં સંપર્કમાં રહેવાની આગળની દ્રષ્ટિ રાખી હતી.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 29, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.